Received on : 06-03-2026
Registered on : 06-03-2026
Decided on : 18-03-2026
Duration : Y M D
- - 12

## જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ.
## <u>ફોજદારી પરચુ.અરજી નં. ૧૭૬/૨૦૨૬.</u>

<u>આંક-</u>

**<u>અરજદાર</u>.** ઇમ્તીયાઝ ઉર્ફે બાપુ સ/ઓ કરીમશા ઉર્ફે
દિલાવરભાઈ હાસમશા રફાઈ,
ઉ.વ. ૨૧, ધંધો-મજુરી,
રહે.બારા સૈયદ રોડ, કુંભારવાડા, જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**<u>-:: વિરૂધ્ધ ::-</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.
**ગુન્હો :-** ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭, ૭૫(૨),૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ ૧૨ મુજબ
**સંદર્ભ :-** જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૩૨/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી ડી.એન.અપારનાથી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**<u>-: ઠ રા વ :-</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૩૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭, ૭૫(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટની

કલમ ૧૨ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.મદદનીશ સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૬ થી તપાસ કરનાર અમલદાર એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સપેકટર, એ.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.એન.અપારનાથીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧ ૨૦૩૦૨૩૨૬૦૧૩૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭, ૭૫(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ ૧૨ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. આ કામે ફરીયાદી એ ભોગબનનારનો સગો ભાઈ થાય છે. વધુમાં એફ.આઈ.આર. ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે, ભોગબનનારની માતાએ ફરીયાદીને જણાવેલ કે, ભોગબનનાર ઘરમાં નથી અને કયાંક જતી રહેલ છે. આમ, હાલના કામના ભોગબનનાર સ્વેચ્છાએ ઘરની બહાર જતી રહેલ છે. ભોગબનનારની ઉંમર ધ્યાને લેતા ૧૬ વર્ષ ૬ માસ અને ૧૯ દિવસ છે. આ કામની ફરીયાદ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ છે અને અરજદાર/આરોપીને ભોગબનનાર સાથે તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ પકડવામાં આવેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અધિકારી ધ્વારા કલમ ઉમેરાનો રીપોર્ટ કરવામાં આવતા ગુના અંગેનો કલમ ઉમેરો કરવામાં આવેલ છે. આ

કામે અરજદાર/આરોપીને ભોગબનનાર સાથે પ્રેમ સંબંધ રહેલ છે. વધુમાં ભોગબનનારે તેણી સાથે અરજદાર/આરોપીએ કોઈ શરીર સંબંધ બાંધેલ હોય તેવું જણાવેલ નથી. આમ, આ કામે બી.એન.એસ.એસ.ની કલમ ૧૩૭(૨) મુજબનો ગુનો બનતો નથી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ ભોગબનનારને લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય તેવું પણ બનેલ નથી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી જેથી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે,હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે. ભોગબનનારની ઉંમર ધ્યાને લેતા ૧૬ વર્ષની રહેલ છે. તેમજ ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે ભોગબનનાર હાજર રહેલ છે અને અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા જણાવેલ છે.

(૬) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું આંક-૦૬ નું સોગંદનામું વંચાણે લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદીએ સૌપ્રથમ ફરીયાદ આપી જણાવેલ છે કે, તેઓની બહેન ભોગબનનારની ઉંમર ૧૬ વર્ષ ૬ માસ ૧૯ દિવસ (જન્મ તા.૧૯/૦૭/૨૦૦૯) વાળીને હાલના કામના અરજદાર/આરોપી લલચાવી,

ફોસલાવી, અપહરણ કરી લઈ જઈ ગુન્હો કરેલ છે.

ત્યારબાદ ગુનાની તપાસ દરમ્યાન અન્ય પોકસો એકટનો તથા બી.એન.એસ.ની અન્ય કલમનો ગુનો બનતો હોય કલમ ઉમેરાનો રીપોર્ટ આપવામાં આવેલ. ત્યારબાદ હાલના કામના અરજદાર/આરોપી તપાસ દરમ્યાન મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલ છે અને તેઓ હાલે જયુડી.કસ્ટડીમાં રહેલ છે.

(૭) આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, અરજદાર/આરોપીએ ફરીયાદીની બહેન ભોગબનનાર ઉ.વ.૧૬ વર્ષ ૬ માસ અને ૧૯ દિવસ (જન્મ તા.૧૯/૦૭/૨૦૦૯) સગીર વયની હોવાનું જાણવા છતાં ભોગબનનારના શરીરે અડપલા કરી ભોગબનનારના ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકી આપી ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતા ભોગબનનારને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે લાલચ આપી અપહરણ કરી જાતીય સતામણી કરી ગુનો કરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સં ડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે અને નાજુક તબકકામાં રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થવાની શકયતા રહેલ છે તેવી ફરીયાદપક્ષની રજુઆતમાં વજુદ જણાય છે. વધુમાં અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો આવા પ્રકારના ગુના કરવાની માનસીકતા ધરાવતા લોકોને પ્રોત્હાસન મળી શકે તેમ છે. તેથી ગુનાની ગંભીરતા ધ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

હાલના અરજદાર/આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે બાપુ સ/ઓ કરીમશા ઉર્ફે દિલાવરભાઈ હાસમશા રફાઈ, રહે. બારા સૈયદ રોડ, કુંભારવાડા, જુનાગઢવાળાની

જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૩૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭, ૭૫(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ ૧૨ મુજબના ગુનાના કામની રેગ્યુલર જામીન અરજી આથી''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૮ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.
તા.૧૮–૦૩–૨૦૨૬

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)